Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# પુરાણોમાં પ્રભાસ ક્ષેત્રનો મહિમા

**ડો. નીલાબેન એસ. ઠાકર**

આચાર્ય,

કવિશ્રી દાદ સરકારી આર્ટસ/કોમર્સ કોલેજ, પડધરી. (રાજકોટ)

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

"પ્રાચીન પુરાણકારો ભારતવર્ષનાં દ્વીપો સહિત નવ ભાગ ગણાવે છે. તેમાં નૈઋત્યે આવેલો ભાગ તે સુરાષ્ટ્ર" તેમ વરાહમિહિર અને મુખ્ય પુરનો જણાવે છે. સુરાષ્ટ્રનાં પણ નવ ભાગ. તેમાં સાગર સમીપ આવેલો એક ભાગ તે પ્રભાસ. (૧) પુરાણોમાં પ્રભાસ ને આનર્તસાર – [આનર્ત દેશનાં સારરૂપ] કહે છે. ઘણાં વિદ્યાનો ઉતર ગુજરાતનાં ભાગ ને "આનર્ત" અને દ્વીપકલ્પનાં ભાગને "સુરાષ્ટ્ર" કહેવાનું યોગ્ય માને છે. જે ભૂમિમાં શ્રી કૃષ્ણને પણ શરીર ત્યજી દવું ઉત્કૃષ્ટ લાગેલું તેવી ભૂમી પ્રભાસ પ્રાચીન સમયથી ઐતિહાસીક, ધાર્મિક, સાંસ્કૃતિક એમ અનેક દ્રષ્ટિકોણથ મહત્વનું સ્થાન ધરાવે છે.

પ્રભાસ – પાટણ ભારતની પશ્ચિમે ગુજરાત રાજ્યનાં સૌરાષ્ટ્ર વિભાગમાં, જુનાગઢ જિલ્લામાં ૨૦.૨૫ અધાંશ અને ૭૦.૨૪ રેખાંશ ઉપર હિંદી મહાસાગરનાં અરબી સમુદ્રને તીરે આવેલું છે. પ્રભાસનું ક્ષેત્રફળ ૧૦૯ એકર, ૨૬ ગુંઠા છે. અને સીમનું ક્ષેત્રફળ ૮૨૩૯ એકર, ૨૬ ગુંઠા છે. સદગત સાક્ષરવર્ય શ્રી શંકરપ્રસાદ હરપ્રસાદ દેશાઈ તેમનાં ઉર્દૂ કાવ્ય 'તસલીમે વતન' માં પોતાની માતૃભૂમિ પ્રભાસને બિરદાવતાં કહે છે:

જબ રૂપે પાક આલમપે શહેર એક નહીં થા

નિનાવે બાબીલોના રૂમો દમિરક નહીં થા

નહીંથા પ્રયાગો કાશી જબ દ્વારિકાભી નહીં થા

પૂર નૂર અય મુન્વર અશહરતું શહેર યહી થા

ગુંજીથી તેરી ગલીઓમેં બેદકી તિલાવત

શાસ્ત્રો કી શરાઅત સોમેશકી ઇબાદત.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

[જયારે પવિત્ર પૃથ્વી ઉપર નિનાવા, બાબીલોન, રોમ દમાસ્કસ, પ્રયાગ, કાચી કે દ્વારકા હજુ વસેલાં નહીં અથવા પ્રખ્યતિમાં આવેલાં નહીં ત્યારે પરમ પ્રકાશિત, નગરોનું નગર પ્રભાસ મશહૂર હતું. તેની ગલી-ગલી વેદોનાં મંત્રોચારથી ગૂંજતી, ત્યાં શાસ્ત્રોની ચર્ચા થતી અને ભગવાન સોમનાથ ની પૂજા થતી.]

વિક્રમની નવમી સદીમાં ભગવાન સોમનાથનું ક્ષેત્ર પૂર્ણ કલાએ પહોંચ્યું. ત્યાંના વૈભવ, ઐશ્વર્ય, મહતા અને પવિત્રતાથી આકર્ષાઇ ભારત ભરનાં પ્રજાજનો અહીં યાત્રાર્થે આવતા. પ્રભાસની કીર્તિ સાગર પાર કરીને તથા હિમાલયનાં પહાડો ભેદીને ઇરાન, અરબસ્તાન અને અફઘાનિસ્તાનનાં પ્રદેશોસુધી પહોંચી હતી. [ભગવાન સોમનાથ દ્વાદશ જ્યોતિર્લીંગ નાં પ્રથમ અધિષ્ઠાતા, ભાલકાતીર્થ, સરસ્વતી નદીનું સંગમસ્થાન, પાત્રાધામ, સંતો - તપસ્વીઓની ભૂમી, અનેક ઐતિહાસીક વ્યક્તિઓ સાથે જોડાયેલું વગેરે કારણોથી પ્રભાસનું મહત્વ અનેરૂં છે. જે સર્વવિદિત છે. સૂર્યવંશીય આર્યોએ પ્રાભાસને ભાસ્કરતતીર્થ, સૂર્યતીર્થ, અગ્નિતીર્થ[1] આદી નામો આપ્યાં છે. ચંદ્રવંશીયોએ તેને સોમતીર્થ કે ચંદ્રતીર્થ[2] કહ્યું. બ્રાહ્મણોએ તેને સરસ્વતીર્થ કહ્યું. પ્રાભાસનું દ્રવિડ નામ મીનુર હતું. મીનુર એક બંદર હતું.આ બંદરેથી દ્રવિડ સમયના સાહસિક નાવિકો વર્તમાન ઈરાની અખાત દ્વારા અરબસ્તાન, પેલેસ્ટાઇન, ઇરાન વગેરે દેશો સાથે વ્યાપાર કરતા અને જેમ પરસ્પર માલ વહોરતાં કે વિક્રય કરતાં તેમ અન્ય દેશોનાં પ્રજાજનો સાથે સંસ્કૃતિની પણ જાણ્યે- અજાણ્યે આપલે કરતાં. નવિકોના સમુદ્રયાનનાં પરિણામે બેબીલોન વગેરેમાં વસતી પ્રજાનાં સંપર્કમાં પણ તેઓ આવ્યા હતાં.(૩) અને અમુક અંશે સ્થળાંતર [માયગ્રેશન] કરતાં હતાં. જેને આધુનીક 'ડાયસ્પોરા' કહેવાય છે.] તે પ્રક્રિયા ગુજરાતમાં વર્ષોથી શરૂ થયેલી હતી. તેમ ગણી શકાય.

---

11 गच्छेत् प्रकाशने तीर्थ प्रभास भास्करसुति ।
इन्द्रस्य दयितं पुण्यं पवित्र पापनाशम ॥
2 तत्रोपगच्छेद् राजेन्द्र सोमतीर्थमुतमम ।
तत् संनिहीतो भगवान सत्यमेव हु ताशन ॥

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સૂર્યવંશમાં પ્રભાસ :-**

સૂર્યવંશીયો મીનુરમાં સ્થાયી થયા અને સત્તા ધરાવતા થયા ત્યારે તેમણે શુધ્ધ સંસ્કૃત અને આર્ય સંસ્કૃતિનો પણ પ્રચાર કર્યો. અને તે કાર્ય અંતર્ગત તેમણે મીનુરનું નામ પ્રભાસ કરી નાંખ્યું. અને તે સ્થળને તીર્થ બનાવી તેનું નામ, 'ભાસ્કરતીર્ય', 'સૂર્યતીર્થ' કે 'અગ્નિભર્થ' આપ્યું.

**ચંદ્રવંશમાં પ્રભાસ:**

સૂર્યવંશીઓ સૌરવર્ષ અને ચંદ્રવર્ષીઓ ચંદ્રવર્ષ ગણતા પાંડવોનો અજ્ઞાત રસહેવાનો સમયગાળો ચાંદ્રવર્ષ નાં ૩૫૪ દિવસ એટલે એક વર્ષ ગણાય. તેવો ભીષ્મે મહાભારતમાં દલીલ દ્વારા ૧ વર્ષ નાં દિવસોનો વિવાદ ઉકેલ્યો હતો. ચંદ્રવર્ષીય આર્યો ઇરાન નાં બંદરેથી જલમાર્ગે મીનુર બંદરે ઉતર્યા તેવો ઉલ્લેખ ઋગ્વેદ ૧, ૧૭૪, ૯ અને ઋગ્વેદ, ૬. ૨૧, ૧૨ નાં શ્લોકોમાં મળે છે. વેદોનાં અને મહાભારતા નાં પ્રમાણોથી સિધ્ધ થાય છે કે ચંદ્રવંશીય આર્યો પૈકીનાં યદુ અને તુર્વસુ ઇરાન તરફથી જલમાર્ગે આવી પ્રાભાસમાં વસ્યાં.

**જાતકકથા:**

અન્ય પ્રમાણો જોઈએ તો સાગરકિનારે વસતાં આર્યો, અનાર્યો, અર્ધઆર્યો સાહસિક હતાં. સમુદ્રમાં વેપારાર્થ નૌકાયાન કરતાં અને વિદેશો નો માલ અહીં લાવતાં. અહીથી વિદેશોમાં લઈ જતાં. સમુદ્ર પ્રવાસનાં સાહસો ખેડીને એ વ્યવસાયમાં પ્રાવીણ્ય પણ મેળવ્યું હતું. આવા નાયિકો અને વ્યાપારીઓ ચંદ્રવંશીય પદુ તુર્વસુને સમુદ્ર માર્ગે લાવ્યાં. હતાં. એક મત મુજબ યદુવંશમાંથી ઊતરી આવેલી જાતિ જયુ (યહુદી) છે. જે પછું પેલેસ્ટાઈનમાં વસતાં. પુરાણોક્ત વાર્ગનોમાં 'અસલનાવારા' નાં લેખકે સમય - કાળ નથી આપેલો પણ બૌધ્ધ 'બાબેરુ' જાતક કથા માં કરેલાં વર્ણન મુજબ કેટલાંક ભારતીય વેપારીઓ સમુદ્રમાર્ગે 'બાબેરુ' અર્થાત બબિલોન

ગયા. કાગડો અને મોર પક્ષી ઓ સાથે લઈ ને ગયેલા. ત્યારે બબિલોન વાસીઓ તેનાં રૂપ અને કલા પર મુગ્ધ થયાં. અને એક સહસ્ત્ર મુદ્રામાં તેમણે મોર ખરીધા હતા. તેવો "ધી જાતક ઔર સ્ટોરીઝ ઓફ બુધ્ધઝ" ફોર્મર બર્થસની વાર્તા નં. ૩૩૯ માં ઉલ્લેખ મળેછે. જાતકકથાઓ પાંચ હજાર વર્ષ પૂર્વે ગણી શકાય.

ઋગ્વેદમાં 'પણિઓ' વેપારીનું બીજું નામ હતું. અતિલોભી વૈશ્યો તરીકે તેમજ વ્યાજખાઉં, નફાખોરીનાં કારણે તેઓને સ્વદેશ છોડી પરદેશ જવા ફરજ પડેલી. તેવું વર્ણન છે. જે દ્રવિડ હતાં. તેઓ પ્રભાસમાં વસતાં અને તેમાંનાં ઘણાં શ્રીમંત, ધનાઢ્ય, સાહસિક, વૈજ્ઞાનિક પણિઓ પણ હતાં. શ્રી ફાધર હેરાસ પણિઓને એ સમયનાં 'પટ્ટણી' ઓ તરીકે ઓળખાવે છે. અને સમુદ્રયાન કરનારાં સફળ નાવિકો આ ભૂમિનાં પદાર્થોનો વેપાર કરતાં. તેઓ ભારતથી પશ્ચિમ નાં દેશોમાં બહુધા જતાં. તેમને પોતાનો દેશ કયાં છે? તેમ પૂછાતાં તેઓ ઉત્તર દેતાં કે જયાં સૂર્ય ઊગે છે. તે પૂર્વમાં અમારો દેશ છે: તી તે દેશનું નામ પશ્ચિમવાસીઓએ 'સુર્યરાષ્ટ્ર' વા 'સુરાષ્ટ્ર' નામ આપ્યું અને તેઓએ  આ દેશમાં આવીને તે નામ સ્થિર કર્યુ.

**મહાભારતમાં પ્રભાસનો મહિમા:**

મહાભારતમાં 'પ્રભાસ' નામ પાડવા અંગે કારણ પણ દર્શાવાયું છે. તે પ્રમાણે દક્ષ પ્રજાપતિને ૨૭ કન્યાઓ હતી. તેમાં રોરિણી સર્વશ્રેષ્ઠ હતી. ૨૭ કેન્યાઓ ચંદ્રને પરણાવાઈ હતી. છતાં ચંદ્ર રોહિણી સાથે વધુ રહેતાં ૨૭ નક્ષત્રવાળી સ્ત્રીઓએ પિતાને આ બાબત જાણ કરતાં કહ્યું કે ચંદ્ર રોહિણીને ત્યાંજ રહે છે. અમારી પ્રત્યે સમભાવ રાખતાં નથી. દક્ષે યક્ષ ને ચંદ્ર ને ત્યાં મોકલી ચંદ્ર રોગી બનાવ્યો જે ક્ષીણ થતાં સર્વદેવો દ્વારા દક્ષપાસે ચંદ્રનાં આરોગ્યની માંગણી કરાઈ. ત્યારે દક્ષે ઉપાય કર્યો કે "તમામ સ્ત્રીઓ સાથે તેણે સમદ્રષ્ટિ રહેવું અને સરસ્વતીનાં ઉત્તર તીર્થમાં સ્નાન કરવાથી તે વૃધ્ધિ પ્રાપ્ત કરશે અને મહિનમાં અર્ધાભાગમાં ક્ષીય અર્ધામાં વૃધ્ધિ પામશે." ત્યારબાદ તે સરસ્વતી સંગમ સ્થાન પ્રભાસમાં જઈ સ્નાન કરતાં પૂર્વવત બનેલ. ચંદ્રમા પરમ

પ્રભાને પામ્યો તેથી તે તીર્થ "પ્રભાસ" નામથી ઓળખાયું. આજવાત શલ્ય પર્વનાં અધ્યાય ૩૫માં પણ છે. શાંતિપર્વ નાં અધ્યાય ૩૪૫ માં ભાષાંતર પણ છે. જેને પ્રભાસ પહેલાં 'હિરણ્યરસ' સ્થળ તરીકે ઓળખાતું. હિરણ્યા અને સરસ્વતીનો જ્યાં સંગમ થતો. પ્રભાસથી ૩ માઈલ દૂર હીરણાસા અને સરસવા ગામો પણ તેથી જ છે.

આ ઉપરાંત યદુવંશનાં અંત કરવામાટે ભગવાન શ્રી યોગેશ્વરે પણ સ્વધામગમન માટે શું કરેલું ? તેનાં જવાબમાં પરીક્ષિતરાજાએ પૂછ્યું તેનો ઉતર શુકદેવે આપેલો છે કે "દ્વારકામાં ઉત્પાત જોઈ ભગવાને યાદવોને જ્યાં પ્રાચી સરસ્વતી નદી વહે છે. તે શંખોદ્ધારમાં જવા આજ્ઞા કરી અને કહ્યું કે પ્રભાસક્ષેત્રમાં જઈ સ્નાનાદિ કરી દેવતાઓનું પુજન કરી, દાનધર્મ કરી રહીશું" તેથી બધાં પ્રભાસ ગયા માયા વડે આંતર કલહ સર્જી કુળ નાશ કર્યો, બલરામે યોગદ્યારા સમુદ્રકિનારે પૃથ્વીલોક ત્યાગી દીધો. [ત્યારબાદ શ્રી કૃષ્ણ પીપળાનાં વૃક્ષ નીચે ગયાં. જ્યાં જરા નામના પારધીએ મૃગમાની કૃષ્ણ ચરણ વિંધી નાંખ્યા. જે ઈશ્વર ઈચ્છાથી બનેલું શ્રી કૃષ્ણને દારૂક સારથી શોધવા આવતાં. તેમને દ્વારકા જવા કહ્યું અને જણાવ્યું કે "સમુદ્ર દ્વારકાને સાતમાં દિવસે ડુબાડી દેશે" ત્યારબાદ વસુદેવ, દેવકી રોહિણી વગેરેએ પ્રાણ ત્યજી દીધા. બાકીનાં સ્ત્રી બાળકોને અર્જુન ઇન્દ્રપ્રસ્થ લઈ ગયો. અર્જુનદ્વારા ભગવાનનુ સ્વધામગમન સાંભળી પાંડવોએ પરીક્ષિતને રાજ્ય ગાદી સોંપી દીધી અને બધાં સ્વર્ગે સિધાવ્યાં.(૪) તે બાબત નો પૂરાવો મળેછે. જે અંતર્ગત પ્રભાસ પવિત્રતીર્થ હોવાનાં અનેક કારણો પણ અપાયાં છે.

(૧) દક્ષનાં શાયથી ક્ષય પામેલ ચંદ્ર ને તેજ મેળવ્યું.

(૨) ચંદ્ર એ શિવ- આરાધના કરી છ માસ પ્રભાસમાં તપ કર્યું. શોમેશ્વર, સોમનાથ પ્રગટ થતાં દ્વાદશ જગતમાં પ્રભાસ ક્ષેત્રનું મહત્વ સ્થપાયું.

(૩) ભગવાન શ્રી કૃષ્ણે યદુવંશ વિનાશ કરી પ્રભાસમાં સ્વધામગમન કર્યું.

ભગવદ્ગીતાનાં ૧૦ અને ૧૧ માં દશમસ્કંધમાં ૧૦:૬૪:૩૪ અને ૧૧:૨૯: ૪૯ માં જણાવ્યા પ્રમાણે શ્રીધરસ્વામીએ ભગવાનનાં સ્વધામવર્ણન વિશે ભા. ૧૧.૩૦ નાં આરંભનાં શ્લોક ૧, ૨માં લખ્યુંકે ભગવાને કર્મનાં બંધન યદુકુળનાં શાપ અને ઋષિઓથી યાદવો દ્વારા મશ્કરી જેવાં નિમીતોથી યાદવકુળ નષ્ટ બન્યું તેથી ઋષિ બ્રાહ્મણો વગેરેનો અન્યાય કરનારનાં કુળનો નાશ થાય છે. તેમ જણાવેલું.

સુર્ય-ચંદ્રની મહતમ શક્તિનો લાભ પ્રભાસની ભૂમિ મેળવે છે. સરસ્વતી, કપિલા, હિરણ્યા નદીનો સંગમ થાય છે. અતિશય તેજસ્વી ભાસમાન જગ્યા નું જ બીજું નામ પ્રભાસ છે. સોમતીર્થ શ્રી કૃષ્ણને કારણે કૃષ્ણતીર્થ પણ ગણાયછે. આમ, શૈવતીર્થ, સૌરતીર્થ, કૃષ્ણતીર્થ એમ ત્રિવિધ તીર્થ તરીકે એક વિશેષ દ્રષ્ટિએ પ્રભાસ ત્રિવેણીતીર્થ બની રહ્યું છે.

**સ્કન્દપુરાણમાં પ્રાભાસ મહિમા : -**

સ્કંદપુરાણમાં પ્રભાસખંડ નામનો એક ખંડ છે. જેમાં પ્રભાસની ભૂગોળ અને તેનાં પવિત્ર સ્થાનો, ભૂમિમાં થતી વનસ્પતિ, હવા ઋતુઓનું વર્ણન છે. સ્કંદ પુરાણ કયારે લખાયો તે બાબત મતભેદ છે. પરંતુ, સમ્રાટ સ્કંદગુપ્તનાં સમયમાં તેની આજ્ઞાથી અવન્તિકા, રેવા, અર્બુદ, કુમારિકા, વડનગર, પ્રભાસ વગેરે અગત્યનાં સ્થાનોનાં ઇતિહાસ - ભૂગોળ લખાયાં જે એકત્ર કરી પુરાણ રચાયું તે સ્કંદપુરાણ. વેદવ્યાસે પણ સ્કંદપુરાણ લખેલું હોવા વિશે એક મત છે.

સ્કન્દનાં વર્ણન મુજબ

पूर्व तत्योदकस्वामी पश्चिमे माधवः स्मृतः ॥

दक्षिणेसागरस्तदूर भानस्युत्तर मतः ।।

[પૂર્વમાં તુલસીશ્યામ, પશ્ચિમે માધવપુર, દક્ષિણે સમુદ્ર અને ઉતરે ભાદર નદીની વચમાં આવેલું ક્ષેત્ર પ્રભાસ છે.]

આ પુરાણમાં દેવસ્થાનોની એક સ્થળથી બીજાં સ્થળનાં અંતરો ધનુષનાં માપમાં બતાવીને ચિતાર અપાયો છે. મંદિરોનાં નગર તરીકે પ્રભાસ ગણાવતાં ત્યાં ૧૩૪

શિવમંદિરો, ૫ વિષ્ણુમંદિરો, ૨૫ દેવી મંદિરો, ૫ ગણપતિનાં મંદિરો, ૧૬ સુર્ય મંદિએ ઉપરાંત ક્ષેત્રપાળ, નાગ, આદિ અનેક સ્થળો દર્શાવાયા છે. ત્રિવેણીથી નગરાપુર સુધી સરિતાનાં ઘાટ વિશે વર્ણનો છે. જેમા ૧૬ કુંડો હતાં. મીઠાપાણી નાં જળવાળાં ગૌરી તપોવન કુંડ, રૂદ્રકુંડ, સૂર્યકુંડ, કેદારકુંડ, બ્રહમકુંડ, કામકુંડ વગેરે મળ્યા હતા. ત્યાંની સરસ્વતી કુંવારી મનાય છે. કારણકે તેનું પાણી સીધું ભૂમિ ઉપર આવી પાછું વળી હિરણ્યામા મળે છે (૫) ત્યારબાદ હિરણ્યા દ્વારા સમુદ્રમાં જાય છે. પ્રામાસખંડનાં અધ્યાય ૬૦ માં "મંકીશ્વર મહાત્મ્ય" અપાયું છે. કપિલા અને ન્યંકુમતિ નામની સરીતા વિશે તેમાં વર્ણન છે.

**ચરકસંહિતા:**

ચરકમુનિ ઇ.સ. ૮૦માં ૪૩ પુરુષપુર (પેશાવર) માં કનિષ્કની રાજસભામાં હતાં. જે મહાભારત પહેલાનો ગ્રંથમનાય છે. તેનાં મત પ્રમાણે ચંદ્ર કામવાસનાથી ક્ષીણ થયો. તેનું આરોગ્ય રાજ્યક્ષ્માના રોગથી તેણે ગુમાવેલું. અને અશ્વિનીકુમારોએ તેને રોગ મુક્ત કર્યા. (૬) જેનુ પ્રમાણ આપે છે આ શ્લોક

स विमुफ्तगतको विरराज विशेषतः ।

ओजसा वह्निसोऽधिभ्यां शुद्धसाचमचाप च ।।

**વ્યાકરણ:**

પ્રકર્ષવાચક ઉપસર્ગ 'પ્ર' અને ક્રિયાપદ 'ભાષ' થી બનેલ છે. જે સ્થળ અતિ પ્રકાશમાન હોય તે 'પ્રભાસ' કહેવાય છે. ભાસ્કર તેનાં કિરણો સમુદ્ર પર વરસાવી તેનાં પ્રતિબિંબ થી જે સ્થળને પ્રકાશિત કરે તે પ્રભાસ. તેવું વર્ણન મળેછે.

પ્રભાસનાં પૂર્વનામો ખાત્રીપૂર્વક શ્રી શંભુપ્રસાદ દેશાઈ એ પ્રાપ્તિસ્થાન આપ્યાવગર કહેલાં છે. કે આદ્ય કલ્પમાં પ્રભાસનું નામ પ્રમોદ હતું તે પછીનાં કલ્પોમાં નંદન, શિવ, ઉગ્ર, ભદ્રિક, સમિધાન, કામધ, વૈશ્વરૂપ, શ્રી પધ્મનાભ કે

પદ્દમનાભ, મોકામાર્ગ, સુદર્શન હતાં તેમ ગણાવે છે પૌરાણિક કથાઓમાં પ્રજાપતીનાં પુત્રો આઠ વસુઓ નાં નામો ઘર, ધ્રુવ, સોમ, અહ, અનિલ, અનલ, પ્રત્યુષ અને પ્રભાસ હતા તેમ કહે છે. આઠમાં વસુ પરથી પ્રભાસ નામ આપ્યું હતું?

**શ્રી સૂક્ત: -**

'પ્રભાસ' અને 'સુરાષ્ટ્ર' પ્રાંતવિશે ઉલ્લેખ છે. તાંત્રિકો શ્રી સૂક્તનો ઉપયોગ કરે છે. અને 'સોમ' નાં તાંત્રિક પ્રયોગથી પ્રભાસ નામ પડયું હોવાનું માને છે.

આ પ્રમાણે મરાભારત, પ્રાભાસખંડ અન્ય પુરાણો, વ્યાકરણ, ઇતિહાસ વગેરેનાં પ્રમાણો વિચારતાં 'પ્રાભાસ' નામ મહાભારત કાળ પૂર્વે અને પુરાણો લખાયાં તે પહેલાં પ્રસિધ્ધ થઈ ગયું હતું. આર્યો એ તેને પ્રભાસ તરીકે ઓળખેલું અને જાણેલું. જુદાં જુદાં નામે પ્રભાસને અનેક સ્થળે સંબોધવામાં આવ્યું છે. તેમાં ૨૧ નામોની યાદી 'પ્રભાસ અને સોમનાથ' માં શ્રી શંભુપ્રસાદભાઈએ

આપેલી છે. પુરાણોમાં પ્રભાસવિશે ઉલ્લેખો મળે છે. પરંતુ તેને લોકકથા જેવાં મનાયાં છે. છતાં પ્રભાસનો મહિમા લગભગ દરેક પુરાણોમાં છે. કુલ ૧૫ પુરાણોમાંથી કેટલાંક જોઈએ તો,

**પુરાણોમાં પ્રભાસ: -**

વામનપુરાણમાં ૩૪માં અધ્યાયમાં જણાવ્યા મુજબ સોમતીર્થમાં દર્શનકરી રાજસૂય યજ્ઞ જેટલું ફળ પામે તે ફરીવાર મનુષ્ય જન્મ ધારણ કરતો નથી. મોક્ષ પામે છે. તેવું વર્ણન છે. તેનાં ૮૪ માં અધ્યાયમાં કહયા પ્રમાણે પ્રહલાદે પિતૃહત્યાનું પાતક ટાળવા પ્રભાસ ક્ષેત્રમાં જઈ સરસ્વતીમાં સ્નાન કરી સોમેશ્વરનાં દર્શન કરેલાં. તેવો ઉલલ્લેખ આપે છે.

**ગરુડ પુરાણ** માં પૂર્વાર્ધનાં ૮૧માં અધ્યાયમાં પણ પ્રભાસ ઉત્તમ સ્થાન હોવા વિશે અને ભગવાન સોમનાથ મહાદેવ વિશે ઉલ્લેખ કરે છે.

**કર્મપુરાણ** માં સિધ્ધાશ્રમ તરીકે ૩૪માં અધ્યાય માં ઉલ્લેખ થયા મુજખ શંકર ભગવાનનાં સોમેશ્વર સ્વરૂપનાં તીર્થ કરવાથી અનેક વ્યાધિ, મુક્તિ મળેછે. અક્ષય પદ મળેછે. અને શિવલોકમાં સ્થાન મળે તેવું વર્ણન કરે છે.

**જ્ઞાનસંહિતા** માં બાર જ્યોતિર્લિંગોમાં સર્વશ્રેષ્ઠ તે સોમેશ્વર છે. તેમ જણાવી પ્રભાસ નું મહત્વ આંકે છે.

પુરાણો સિવાય અન્યગ્રંથોમાં દ્વારકા મહાત્મ્ય માં જણાવ્યા મુજબ નારદ કહેછે સિંહ રાશિમાં બૃહસ્પતિ હોય ત્યારે ગોદાવરીમાં, કુંભ- રાશિમાં હોય ત્યારે હરદ્વારમાં, સૂર્ય ગ્રહણે કુરૂક્ષેત્રમાં અને ચંદ્ર- ગ્રહણે કાશી ક્ષેત્રમાં સ્નાન કરવાથી, દાન કરવાથી જેટલું પૂણ્ય મળે તેનાં કરતાં સો ગણું પ્રામાસમાં દિવસે દિવસે મળે છે..... હે રામા પ્રભાસમાં પૂણ્ય સરસ્વતી છે જેમાં નાહવાથી પાપિષ્ટ મનુષ્યોપણ સાક્ષાત બ્રહ્મરૂપ બનેછે.

**ઋગ્વેદ (૮) યજુર્વેદમાં** ઋગવેદ નાં ૭ ખિલ સુક્ત માં પણ વર્ણન છે.

यत्र प्राची सरस्वती यत्र सोमेष्वरो देव: ।

तत्र मा अमृतं कृधि इन्द्रायन्दो परिस्त्रव ।।

**લોકોકિત** - લોકો દ્વારા અનેક ગ્રંથોમાં પ્રાભાસનો ઉલ્લેખ મોટાં પ્રમાણમાં થાય છે .

सौराष्ट्र पंचरत्नानि नदी नारी तुरंगमाः ।

चतुर्थ सोमनाथ च पंचमं हरिदर्शनम् ।।

**પ્રભાતનાં વ્યક્તિત્વો**: -

અનેક પુરાણ પ્રસિધ્ધ વ્યક્તિઓ પ્રભાસ સાથે જોડાયેલી છે. જેમાં ક્યાંક અતિશયોક્તિ હોવા સંભવ હોવા છતાં તે વિશે ઉલ્લેખો મળેલાં છે તેનાં આધારે જાણી શકાય છે કે ઋષિઓમાં વસિષ્ઠ, મરીચિ, નારદ, સનકુમાર, કશ્યપ, ગાલવ, સુબ્ર ભણ્ય, ગર્ગ, પુલહ, દુર્વાસા, વિશ્વામિત્ર, ઉશનર, ક્રતુ, સાલંકાયન, અગ્નિધ્ર, અંગિરસ, વાલખિલ્ય, દધીચિ, માર્કંડેય અનેક ઋષિઓ પ્રભાસમાં આવેલાં તેમ પ્રભાસ ખંડ કહે છે. પ્રહલાદ વિરો ઉલ્લેખ અગાઉ કર્યો. શ્રીરામચંદ્ર ભગવાને વનવાસ દરમ્યાન પ્રભાસ આવી ગણપતિની પૂજા કરેલી

પ્રભાસખંડનાં ૫૧માં અધ્યાયમાં ગોરાભાઈ રામજીભાઈએ ભાંષાતર કરતાં આ વાત અતિશયોક્તિસભર ગણાવી છે. રાવણ વિશે પ્રભાસખંડ જણાવે છે કે પુષ્પક વિમાન દ્વારા આકાશમાર્ગે પ્રાભાસ પરથી પસાર થતાં સોમેશ્વર ની પૂજા કરેલી ધ્રુવે વિષ્ણુ ઉપાસના કરેલી ઉત્તાનપાદરાજાનાં આપુત્ર ની પ્રાર્થનાથી શિવજી એ તેમને આશિર્વાદ આપેલાં નાલેશ્વરનું શિવલીંગ ધ્રુર્વેશ્વર તરીકે ઓળખાયેલું. પાંડવો અહી આવેલાં અર્જુને નિયત શિષ્ના સ્વિકારેલી કે દ્રૌપદી પાસે એકભાઈ હોય ત્યારે અન્ય એ ન જવું. જનારે ૧વર્ષ શિષ્ના નાં ભાગરૂપે દૂર રહેવું તે

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

મુજબ અર્જુન પ્રભાસ નિવાસ કરતા હતાં ત્યારે શ્રી વાસુદેવ તેમને મળવા આવેલાં. જે મહાભારતનાં આદિપર્વ અંતર્ગત અર્જુન વનવાસ પર્વનાં અધ્યાય ૨૧૮ તથા ૧૧૮ માં દર્શાવે છે. શલ્ય, વિદુર, ભીષ્મપિતામહ વગેરે પ્રભાસમાં આવેલાં. યાદવો, બલરામ વગેરે વિશે અગાઉ ઉલ્લેખ કર્યો. બલરામે મદિરાપાનનાં કેફ માં કેટલાંક કથાકાર સુતો ને મારી નાંખતાં પ્રશ્ચાતાપ નાં ભાગ રૂપે પ્રભાસ આવી તપ કરેલું. ગાંધારીનો શાપ (યાદવાસ્થળી વિશે), શ્રીકૃષ્ણનો દહેત્સર્ગ વગેરે બાબતોથી પ્રભાસની ભૂમિ શૌર્ય ઉપરાંત શાંતી આપનારી ગણી રોકાય.

લીંગપુરાણ અને વિષ્ણુપુરાણ ભવિષ્યપુરાણ મત્સ્યપુરાણ પદમપુરાણ તમામ પુરાણોમાં કૃષ્ણ દ્વારા અનેક વ્યક્તિઓને પ્રભાસમાં જઈ મોક્ષ પ્રાપ્ત કરવા વિશે વર્ણન મળેછે. જૈનોનું તીર્થ હોવાં વિશે તેઓ અબજોવર્ષોથી તેથી મહતા આંકે છે. પ્રભાસની જગ્યાએ સિંધ્ધાચલ હતો. અને ચંદ્રશેખર, રાજર્ષિ, ચંદ્રયશા, ચક્રધર, સોળમાં તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુનાં પુત્રએ અહીં અઠ્ઠાઈ મહોત્સવ કરેલો. વીસમાં તીર્થંકર શ્રી મુનિસુવ્રત્ત નાં સ્વામી દશરથ, હસ્તીસેન, ચામુંડ, સિંધ્ધરાજ કુમારપાળ, જગડુશાહ, વસ્તુપાલ અનેક જૈનો ધ્વારા પ્રાભાસ

મહિમા વર્ણવાયો છે. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવતીર્થ તરીકે પણ આસ્થળને " શ્રી મહાપ્રભુજીની બોઠક" ગણાવાય છે. જયાંજયાં" મહાપ્રભુજી વિચર્યા ત્યાં બેઠક ગણીને " બેઠક ચરિત્ર" રચાયું છે. મુસ્લિમોનાં પવિત્ર સ્થાનો માં કાઝી ની મસ્જિદ, વડલાવાળી મસ્જિદ, જેવી કેટલીક મસ્જિદો વિશે ઉલ્લેખો પ્રભાસ અંગેના પ્રાપ્ય છે. અનેક દંડી સ્વામીઓ સાથે પ્રભાસ જોડાયેલું છે. તેમજ અનેક આધુનીક વ્યક્તિત્વોમાં લેખકો, કવિઓ, વૈદ્યો, રાજાઓ, ઇતિહાસપ્રસિંધ્ધ વ્યક્તિઓ, શંકરાચાર્ય, સંગીતજ્ઞો, જયોતિષીઓ, વેદેજ્ઞાન ધરાવતાં ગાતાં બ્રાહ્મણો, વેપારીઓ, સ્થાપત્યો, ચેત્યો, શિલાલેખો, તામ્રપત્રો તમામ ક્ષેત્રમાં આધુનીક સમયમાં પણ પ્રભાસની મહતા જોવા મળે છે.

બંદર, સરીતાઓ, કુંડો, મંદિરો અને વીરોની ભુમિ પ્રભાસક્ષેત્ર આજે પણ મહિમાવંત છે.

**સંદર્ભસૂચિ**

(૧) રાત્નમણિરાવ ભી. જોટે “સોમનાથ” ગુજરાત સાહિત્યસભા અમદાવાદ. ઇ. સ. ૧૯૪૯ પૃ. ૪

(૨) સંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઇ “પ્રભાસ અને સોમનાથ” સોમનાથ જિ: જૂનાગઢ દ્વિતીય આવૃત્તિ ઈ.સ. ૧૯૯૮ પૃ ૪૮૦.

(૩) એજન, પૃ. ૩.

(૪) સંપા. પ્રો. આર જે. જોશી "આચમનીયમ" (સંસ્કૃત લેખોનો સંગ્રહ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તાર સંસ્કૃત અધ્યાપક પરિષદ રાજકોટ દ્વારા પ્રકાશિત. ઈ.સ.૨૦૦૧ માંનો "શ્રીમદ ભાગવતમાં નિરૂપિત પ્રભાસલીલા"- ડો.જે.જી પુરોહિત નોલેખ. પૃ.૬૭, ૬૮.

(૫) સંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઇ “ઇતિહાસ દર્શન” ભાગ-૨ જુનાગઢ. ઇ. સ. ૧૯૭૯ પૃ. ૯૭

(૬) ડો. મહેતા પ્રાણજીવનદાસકૃતભાષાંતર "ચરકસંહિતા" પ્રકરણ ૮. શ્રી ગુલાબકુવરબા આયુર્વેદિક સોસાયટી, જામનગર દ્વારા પ્રકાશિત, પૃ.૩.

(૭) પૂર્વોક્ત “પ્રભાસ અને સોમનાથ” પૃ ૭૧.

(૮) રત્નમણિરાવ ભીમરાવ જોટે. "સોમનાથ" પૂર્વોક્ત. પૃ.૭૧.